



# નિપુણ ભારત – બેઝલાઈન એસેસમેન્ટ(2023-24)

## <u>ધોરણ –૧ (બાલવાટિકા અંતિત)</u>

**મૂલ્યાંકન કાર્ય:-૧ વિદ્યાર્થી અસરકારક પ્રત્યાયનકાર બને (EC)**

| | | | |
|---|---|---|---|
| **પ્રશ્ન-૧ વ્યક્તિગત** | **અધ્યયન નિષ્પત્તિ :<br>૩.૫.b ચિત્રમાંની વસ્તુઓનું ધ્યાનપૂર્વક અવલોકન કરે છે, તેના વિશે વાત કરે છે, અને નવા શબ્દોનાં નામ પોતાની રીતે (સ્વનિર્મિત) લખે છે.** | | ૫ ગુણ |
| | ઘટના ચિત્ર પસંદ કરી તેના વિશે પાંચ વાક્યો બોલવા કહેવું.<br>(ચિત્ર કેલેન્ડરમાંથી કોઈ એક ચિત્ર વિદ્યાર્થીને પસંદ કરવા કહેવું.) | | |
| | (પ્રત્યેક સાચા વાક્ય દીઠ ૧ ગુણ આપવો.)<br>(બાળક પોતાની સ્થાનિક બોલીમાં વાક્ય બોલે તો પણ સાચું ગણવું) | | |
| **પ્રશ્ન-૨ વ્યક્તિગત** | **અધ્યયન નિષ્પત્તિ :<br>૩.૮.B - ચિત્ર અને લખાણના પૂર્વાનુભવ અને માહિતીનો અક્ષર અને ધ્વનિના અનુબંધ વગેરેનો ઉપયોગ કરીને લેખિત સામગ્રી વિશે અનુમાન કરે છે.** | | ૫ ગુણ |
| | નીચેના ચિત્રો વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે બતાવીને ચિત્ર અનુરૂપ શબ્દ કયો હશે તેનું અનુમાન કરવા કહેવું.(જે તે શબ્દના મૂળાક્ષરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થી અનુમાન કરે તે અપેક્ષિત છે.) | | |
| |  | **મગ<br>મગર<br>માગશર** | |
| |  | **ગજ<br>ગાજર<br>ગજાનન** | |
| |  | **ગદા<br>ગદર<br>ગદાધર** | |
| |  | **નાગ<br>નગર<br>મગદળ** | |

| | | | |
|---|---|---|---|
| |  | **દાદા**<br>**દરિયો**<br>**દયાવાન** | |
| | (પ્રત્યેક સાચા અનુમાન દીઠ ૧ ગુણ આપવો.) | | |
| **પ્રશ્ન-3**<br>**વ્યક્તિગત** | **અધ્યયન નિષ્પત્તિ :**<br>**3.૬.B - ઘટનાઓના ક્રમ પ્રમાણે ચિત્રો ગોઠવી વાર્તા કહે છે, શબ્દો ઓળખે છે.** | | **૫ ગુણ** |
| | આપેલા ચિત્રોને વાર્તાના યોગ્ય ક્રમમાં ગોઠવો.<br>(શિક્ષકે એક ચિત્રવાર્તાનાં કોઈ પણ પાંચ ચિત્રોનાં કટિંગ બાળકોને આપવાં તેમજ તેને વાર્તાના ક્રમ મુજબ ગોઠવવા કહેવું. આ માટે શિક્ષકે વિવિધ ચિત્ર વાર્તાનાં ચિત્રોનાં કટિંગ તૈયાર રાખવાં બાળકની પરિચિત કોઈ એક ચિત્ર વાર્તાનાં ચિત્રો પસંદ કરવા દેવાં.) | | |
| | (સાચા ક્રમમાં ગોઠવેલા ચિત્ર દીઠ ૧ ગુણ આપવો.) | | |
| **પ્રશ્ન-૪**<br>**વ્યક્તિગત** | **અધ્યયન નિષ્પત્તિ :**<br>**3.૬.A - પ્રિન્ટ સભાનતાની સમજ સાથે વાંચે છે.** | | **૫ ગુણ** |
| | • કોઈપણ પુસ્તક સીધું કે ઉલટું પડ્યું છે તે ઓળખી શકે.<br>• કોઇપણ પુસ્તકનો આગળ(મુખ પૃષ્ઠ) અને પાછળનો(મલ પૃષ્ઠ) ભાગ ઓળખી શકે.<br>• વાંચવા માટે પુસ્તકનાં પાનાં ડાબેથી જમણે ખુલે છે તે કહી કે બતાવી શકે.<br>• કોઇપણ પાનાનો વાંચવાનો ક્રમ ઉપરથી નીચે તરફનો હોય તે દર્શાવી શકે.<br>• વાક્યનો વાંચનનો ક્રમ ડાબેથી જમણી તરફ હોય તે દર્શાવી શકે.<br>(ઉર્દૂ માટે વાંચનનો ક્રમ જુદો હોય છે તે ધ્યાને લેવું) | | |
| | (પ્રત્યેક સાચી સમજ દીઠ ૧ ગુણ આપવો) | | |

# નિપુણ ભારત - બેઝલાઈન એસેસમેન્ટ

## ધોરણ –૧ (બાલવાટિકા અંતિત)

**મૂલ્યાંકન કાર્ય : ૧. વિદ્યાર્થી અસરકારક પ્રત્યાયનકાર બને. (EC)**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | મેળવેલ ગુણ | | | |
|---|---|---|---|---|---|
| | | પ્રશ્ન ૧ | પ્રશ્ન ૨ | પ્રશ્ન ૩ | પ્રશ્ન ૪ |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

| શિક્ષકની સહી | આચાર્યની સહી |
|---|---|
| | |

પ્રશ્ન-3 વાર્તા ચિત્ર(આ અથવા આના જેવાં ચિત્રોનું કટિંગ કરીને આપવું)



